# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com** ઈ–મેઈલ :– **forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૮/કવા–૦૧/૧૬–૧૭/ 5828 તા. 21/07/16

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રાજશીભાઈ વજસીભાઈ ગોજીયા,
ગામઃ નારણપુર (બાંકોડી)
તા.કલ્યાણપુર,
જી.દેવભુમી દ્રારકા

વિષય :–મેન્ટેનન્સ બાબત
સંદર્ભઃ– આપની અરજી , તા. ૨૧–૦૬–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૭૮/કવા–૦૧/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. : 9.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્રારકા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 04 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૭૮/કવા–૦૧/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૧૩–૦૬–૧૬ | સ્થળ :–જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: રાજશીભાઈ વજસીભાઈ ગોજીયા,ગામ: બાંકોડી,**

**રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.:–(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)**

**રજુઆત કરનાર : નાયબ ઈજનેર, એન.એ.ઉનડકટ, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, દ્વારકા**

**: હુકમ :**

**ફરીયાદ : મેન્ટેનન્સ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| **૧.૧** | અરજદાર જણાવે છે કે, તેઓના ગામ: કેશવપુર ખાતે આવેલ, ખેતીવાડી વીજજોડાણ નં.:૮૫૭૧૫/૦૦૪૬૮/૩ ની વીજલાઈન વર્ષો જુની છે. તેના વીજતાર, એંગલ, ઈન્સ્યુલેટર, જમ્પર, ઘાય વાયર, વગેરે વર્ષો જુના હોય સડી ગયેલ છે. જેથી, આ વીજલાઈન ની આ બાબતો, બદલાવવા માટે તેઓએ પીજીવીસીએલ મા લેખીત અરજી આપી અને વારંવાર યાદી પત્રો આપવા છતા, છેલ્લા –૦૧ વર્ષ થી તેઓની આ ફરીયાદ નુ નિવારણ ન થયેલ હોવાથી, તેમજ તેમના ખેતીવાડી વીજજોડાણ નુ મીટર ક્ષતિગ્રસ્ત હોય બદલાવવા માટે ની અરજી પણ આપેલ હોવા છતા, એક વર્ષ થી મીટર બદલાવેલ ન હોવાથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨.૧** | અરજદાર શ્રી ના ગામ: કેશવપુર ખાતે આવેલ, ખેતીવાડી વીજજોડાણ નં.:૮૫૭૧૫/૦૦૪૬૮/૩ ની વીજલાઈન વર્ષો જુની હોવા ના કારણોસર તેના વીજતાર, એંગલ, ઈન્સ્યુલેટર, જમ્પર, ઘાય વાયર, વગેરે વર્ષો જુના હોય સડી ગયેલ હોય, જેથી, આ વીજલાઈન ની આ બાબતો, બદલાવવા માટે ની ફરીયાદી અરજદાર શ્રી ની અરજી પરત્વે પુરતુ લક્ષ આપીને, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી તા.૦૩–૦૭–૧૬ ના રોજ સ્થળ ચકાસણી કરી અને, સદર વીજલાઈન ના જે થાંભલાઓ, તેમજ વીજતાર, એંગલ, ઈન્સ્યુલેટર, જમ્પર, ઘાય વાયર વગેરે વ્યવસ્થિત કરવા યોગ્ય જણાયેલ હતા, તે મુજબ ના કુલ ૦૫ ગાળાઓનુ સમારકામ, તેમજ, અરજદાર શ્રી ની માંગણી મુજબ, તેમના જોડાણ નુ ક્ષતિગ્રસ્ત મીટર પણ તા.૦૫–૦૭–૧૬ ના રોજ અરજદાર શ્રી ની જાણકારી, હાજરી, સંતોષ અને અરજદાર શ્રી ના તા.૦૫–૦૭–૧૬ ના રોજના લેખીત સંમતીપત્ર હેઠળ, એમ વીજલાઈન સમારકામ અને મીટર બદલાવવાની કામગીરી, એમ અરજદાર શ્રી ની માંગણી મુજબ ની બન્ને કામગીરી, પૂર્ણ કરી અને અરજદાર શ્રી ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩.૧** | ફરીયાદી અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની માંગણી પરત્વે પુરતુ લક્ષ આપીને પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદદા ન. ૨.૧ મુજબ ની, જે અરજદાર ની મુખ્ય માંગણી પ્રમાણે ની વીજલાઈન સમારકામ ની, તેમજ તેઓ શ્રી ના ખેતીવાડી વીજજોડાણ નં.:૮૫૭૧૫/૦૦૪૬૮/૩ ના ક્ષતિગ્રસ્ત મીટર બદલાવવાની કામગીરી, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી, તા.૦૫–૦૭–૧૬ ના રોજ અરજદાર શ્રી ની જાણકારી, હાજરી, સંતોષ અને અરજદાર શ્રી ના તા.૦૫–૦૭–૧૬ ના રોજના લેખીત સંમતીપત્ર હેઠળ, પૂર્ણ કરી અને અરજદાર શ્રી ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૪ : હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

( કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..